**ક્રિમીનલ કેસ નં. ૫૦૫૫૦/૨૦૧૩.**

**આંકઃ૧ તળેની ફરીયાદ તળેનો હુકમઃ**–

(૧) ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ હેઠળ તારીખ **૧૬/૦૮/૨૦૧૩** ના રોજ અદાલત સમક્ષ રજુ કરેલ છે. ત્યારબાદ, કરવામાં આવેલી કાર્યવાહીને અંતે આ કામના આરોપી સામે ફરિયાદ અનુસંધાનેના પ્રોસેસ ઈશ્યુ કરવા માટે મારા પુરોગામીશ્રી એ હુકમ ફરમાવેલ છે. જે અનુસંધાને આરોપી ઉપર સમન્સ ઈશ્યુ કરતા ફરિયાદી જણાવે છે તેવા કોઈ વ્યક્તિ ફરિયાદમાં જણાવેલા સરનામે રહેતા નથી. તેવા શેરા સાથે આરોપીના સમન્સ/વોરંટ પરત આવેલ છે, ત્યારબાદ આ આરોપી ઉપર અનેક વખત પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલા છે, પરંતુ કયારેય આરોપી જણાવેલા સરનામે મળી આવેલા નથી. જુદા જુદા શેરાઓ જેવા કે આરોપી તે સ્થળે રહેતા નથી, તે સરનામે આરોપી મળી આવેલ નથી વિગેરે શેરા સાથે તેવા પ્રોસેસ વગર બજે પરત આવેલ છે, ત્યારબાદ **તા.૦૯/૦૪/૨૦૧૮ ના રોજ આરોપી પર ઈસ્યુ કરવામાં આવેલ છે** આ કામે ખાનગી સ્વરૂપની ફરિયાદ રજુ કરેલી હોય આરોપીને પ્રોસેસની બજવણી થાય તેવા કાયદા મુજબના પ્રયત્નો કરવાની જવાબદારી ફરિયાદીની છે તેમજ વખતો વખત કાયદાની જોગવાઈ મુજબ યોગ્ય તે અરજી રજુ કરી ફરિયાદીએ પોતાની ખાનગી સ્વરૂપની ફરિયાદ આગળ ચાલે તેવા

પ્રયત્નો કરવાના હોય છે. હાલના કિસ્સામાં જોઈએ તો આ કામના ફરિયાદી પોતાની જ ફરિયાદ અનુસંધાને અદાલતમાં હાજર રહેતા નથી અને કોઈ અરજી પણ રજુ કરતા નથી. રેકર્ડ ચકાસતા જણાઈ આવેલ છે કે ફરિયાદીની સતત ગેરહાજરીને કારણે સદર કેસની કાર્યવાહી આગળ ચાલી શકેલી ન હોય મારા પુરોગામીશ્રી દ્વારા વખતોવખત ફરિયાદીને નોટિશ ઈશ્યુ કરવામાં આવેલી છે **સદર કામે ફરિયાદીને પણ શોધી શકાય તેમ નથી.** આરોપી શરૂઆતથી જ મળી આવેલ નથી. સદર ફરિયાદ દાખલ થયાને આશરે ૦૯ વર્ષથી પણ વધુ સમય થવા પામેલ છે તેમ છતા હાલની ફરિયાદ આરોપીને સમન્સની બજવણી તથા ફરિયાદીની હાજરી માટે પ્રાથમિક તબક્કામાં પડતર છે.

(૨) સદર કામે રેકર્ડનો જરૂરી અભ્યાસ કરીને મારા પુરોગામીશ્રી ધ્વારા **તા.૦૭/૦૯/૨૦૧૮** ના રોજ સદર કેસને ડોરમેન્ટ ફાઈલ રજીસ્ટરે નોંધવા માટે હુકમ કરેલો ત્યારબાદ પણ આશરે ૩ વર્ષનો સમય વિતી જવા પામેલ છે, તેમછતાં ફરીયાદીએ તેવા સમયગાળા દરમ્યાન આ કામે હાજર રહી એકપણ અરજી આપેલ નથી. આરોપીનું નવુ સરનામું રજુ કરેલ નથી. ફરિયાદીએ પોતાનું નવુ સરનામુ પણ રજુ કરેલ નથી. તેવુ સરનામું રજુ નહિ કરવાનું કોઈ કારણ જણાવેલ નથી. ત્યારબાદ, હાલનો કેસ ડોરમેન્ટ રજીસ્ટરેથી દુર કરવા છતાં મુદત તારીખે ફરીયાદીએ આરોપીનું નવુ સરનામું રજુ કરેલ નથી કે કોઈ મુદત અરજી પણ આપેલ નથી.

(૩) સદર કામે ફરિયાદીને આરોપીનું સરનામુ રજુ કરવા માટે ખુબ જ વધુ પડતો કહી શકાય તેવો આશરે ૦૪ વર્ષથી પણ વધુ સમય આપવામાં આવેલો છે. પરંતુ, આ કામના ફરિયાદીએ આરોપીનું કોઈ સરનામુ અદાલત સમક્ષ રજુ કરી સમન્સની બજવણી આરોપી ઉપર થાય તેવા કાયદા મુજબના પ્રયત્નો કરેલ નથી. આરોપી હાજર રહેતા ન હોય ત્યારે ખાનગી સ્વરૂપની ફરિયાદ અન્વયે ફરિયાદીની એ કાનુની ફરજ છે કે, તેઓ આરોપીના યોગ્ય સરનામા રજુ કરે અને તેઓને પ્રોસેસની બજવણી થાય તે માટે કાયદેસરની કાર્યવાહી કરે. હાલના કિસ્સામાં જોઈએ તો આ કામના ફરિયાદીએ કાયદાની જોગવાઈ મુજબની ફરજ બજાવેલ નથી. તેવા સંજોગોમાં હાલની ફરિયાદને વધુ સમય માટે આજ સ્થિતિમાં મુકી રાખવાનો કોઈ ન્યાયિક હેતુ જળવાય તેમ નથી. આવા અનેક કેસો અત્રેની અદાલતમાં તેમજ જુદી–જુદી અદાલતમાં પડતર રહે છે અને તેને કારણે અદાલતનું બોર્ડ મોટુ અને મોટુ બનતુ જાય છે. જેથી અદાલત યોગ્ય કેસોમાં યોગ્ય સમય ફાળવી શકતી નથી. નામદાર મુંબઈની વડી અદાલત દ્વારા રમજાન ખાન વિરૂધ્ધ ખાદી ટુર્સ, ૨૦૧૯(૫) એમ.એચ.એલ.જે. (ક્રિમિનલ) ૨૦ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે ખાનગી સ્વરૂપની ફરિયાદ અદાલતમાં દાખલ કરવામાં આવે ત્યારે ફરિયાદીની એ ફરજ છે કે તેઓ યોગ્ય રીતે તેના પ્રોસીડીંગ્સ ચલાવે. આવી અરજીઓ વર્ષો સુધી ડોરમેન્ટ જેવી સ્થિતિમાં રાખી મુકી શકાય નહી. જો આવા કિસ્સામાં ફરિયાદી લાંબા સમયથી પોતાની ફરિયાદ આગળ ચલાવતા

ન હોય તો અદાલત યોગ્ય તે હુકમ કરી શકે. ખાનગી સ્વરૂપની ફરિયાદમાં કાયદા મુજબની જોગવાઈ પ્રમાણે યોગ્ય તે કાર્યવાહી કરવાની જવાબદારી ફરિયાદીની છે. તે જ પ્રમાણે નામદાર સર્વોચ્ચ અદાલતે એસ.રામાક્રિષ્ના રેડ્ડી વિરૂધ્ધ એસ.રામી રેડ્ડી એ.આઈ.આર. ૨૦૦૮ સુપ્રિમ કોર્ટ ૨૦૬૬ ના કિસ્સામાં ઠરાવેલ છે કે, ફરિયાદીની ફરિયાદને અનિશ્ચિત મુદત સુધી પડતર રાખી શકાય નહી.

(૪) આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં તથા જુના કેસોના નિકાલ અંગે ઉચ્ચ અદાલતો દ્વારા વખતો વખત આપવામાં આવેલ આવેલ માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લેતા, આ પ્રકારના કેસ કે જેમાં હવે આગળની કાર્યવાહી કરવા માટે ફરીયાદીને કોઇ રસ નથી અને કેસ ડેડવુડ કેસની જેમ અત્રેની કોર્ટની ફાઇલમાં ચાર વર્ષ જેટલા સમયથી પેન્ડીંગ પડી રહેલ છે, તે કેસ વધુ મુદત માટે મુલત્વી કરવાનું ઉચિત જણાતુ નથી અને તે તમામ સંજોગોમાં, આ કોર્ટ પાસે કલમ–૨૫૬ અન્વયે હુકમ કરવા સીવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. તે તમામ સંજોગોમાં, નામ. સુપ્રિમ કોર્ટનો ૨૦૦૨ (૨) જી.એલ.આર ૧૫૪૯ "પી. રામચન્દ્ર રાવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્નાટકા" તથા ૨૦૦૮–ક્રિમીનલ લો જનરલ–૨૬૨૫ "એસ. રામા ક્રિષ્ન વિરૂધ્ધ એસ. રામી રેડી" તથા નામ. ગુજરાત હાઇકોર્ટનો ક્રિમીનલ અપીલ નંબર–૨૪૦૫/૨૦૦૯ "ભવાની ટેક્ષટાઇલ્સ મિલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત તથા ૧૯૯૬ (૨) ક્રાઇમ્સ ૧૭૭ "મુળચંદ મોતીલાલ રાકા વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર" ના ચૂકાદાઓમાં સ્પીડી ટ્રાયલ અંગે તથા તે માટે સી.આર.પી.સી.

કલમ–૨૫૬,૨૫૮,૩૦૯ ની જોગવાઇ અંગે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત તથા સી.આર.પી.સી. કલમ–૨૫૬ ની જોગવાઇ ધ્યાને લેતાં, ફરીયાદીની સતત ગેરહાજરીના કારણે તથા પોતાની ફરિયાદ અનુસંધાને કાયદાની જોગવાઈ મુજબ કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન કરવાની ફરિયાદીના કસુરને કારણે (વોન્ટ ઓફ પ્રોસીકયુશનના કારણે) હાલની ફરીયાદ રદ (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

સ્થળ : સુરત. ( એ.એમ. વસાવા )
તારીખઃ૨૬/૦૬/૨૦૨૨ ૧૬માં એડીશનલ ચીફજ્યુડીશીય.મેજીસ્ટ્રેટ,
સુરત.(કોડ નંબરઃ જી.જે.૦૧૧૧૭)